પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭૮ | ૭ સપ્ટેમ્બર, ૨૦૨૦, સોમવાર; ભાદરવા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૩૫ |
| અમદાવાદ | ૧૭૩ |
| ગાંધીનગર | ૩૧ |

# દેશમાં દૈનિક કેસ ૧ લાખ પહોંચવાની તૈયારીમાં

## છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૯૦ હજાર પોઝિટિવ કેસ : ૧૦૬૫ના મોત : કુલ કોરોનાનો આંકડો ૪૧ લાખને પાર, મૃત્યુઆંક ૭૦,૬૨૬એ પહોંચ્યો, મૃત્યુદર ઘટીને ૧.૭૨ ટકા થયો, અત્યાર સુધી ૪.૮૮ કરોડ ટેસ્ટ થયા



ન્યુ દિલ્હી,તા.૬

ભારતમાં કોરોના સંક્રમણના રેકોર્ડ બ્રેક કેસ સામે આવી રહ્યા છે. દેશમાં પ્રથમવાર એક દિવસમાં ૯૦,૬૩૨ નવા કેસ નોંધાયા છે. તો ૨૪ કલાકમાં ૧૦૬૫ લોકોના મોત થયા છે. આની પહેલા ૫ સપ્ટેમ્બરે દેશમાં સૌથી વધુ ૮૬,૪૩૨ કેસ નોંધાયા હતા. હવે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૪૧ લાખ ૧૩ હજાર થઈ ગઈ છે. બ્રાઝિલમાં સંક્રમિત લોકોની કુલ સંખ્યા ૪૧ લાખ ૨૩ હજાર છે. સંક્રમિતોની સંખ્યાના મામલામાં ભારત બ્રાઝિલને પછાડીને બીજા નંબર પર પહોંચી ગયું છે. વિશ્વમાં એક દિવસમાં ૯૦૦૦૦થી વધુ કેસ આવનારો ભારત પ્રથમ દેશ બન્યો છે.

દેશમાં કુલ સંક્રમિતોમાંથી ૭૦,૬૨૬ લોકોનાં મોત નીપજ્યાં છે. એક્ટિવ કેસની સંખ્યા વધીને ૮ લાખ ૬૨ હજાર થઈ ગઈ છે અને ૩૧ લાખ ૮૦ હજાર લોકો સ્વસ્થ થઈ ચૂકયા છે. સાજા થનારા લોકોની સંખ્યા ચેપના સક્રિય કિસ્સાઓની સંખ્યા કરતા લગભગ ત્રણ ગણી વધારે છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશ માટે સારા સમાચાર

# હ્યુમન ટ્રાયલના વેક્સિનને બીજા તબક્કા માટે મંજૂરી

### રસીમાં માર્યા ગયેલા વાયરસનો ઉપયોગ કરવામાં આવ્યો કોરોના સામે લડવા શરીરમાં એન્ટિબોડીઝ ઉત્પન્ન થાય છે

નવી દિલ્હી,તા.૬

ભારતમાં કોરોના વાયરસની રસીનું હ્યુમન ટ્રાયલ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ભારત બાયોટેકે બનાવેલી દેશી વેક્સીનને હ્યુમન ટ્રાયલના બીજા ફેઝ માટે મંજૂરી મળી ગઈ છે. એક વાર એથિક્સ કમિટી મંજૂરી આપી દે પછી રસીનું બીજા તબક્કાનું હ્યુમન ટ્રાયલ શરૂ કરવામાં આવશે. સબજેક્ટ એક્સપર્ટ કમિટીએ કહ્યું છે કે આ વખતે ૩૮૦ લોકો પર ટ્રાયલ થવું જોઈએ. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને ભારત બાયોટેક સંયુક્ત રીતે આ રસી વિકસાવી છે. તે એક ઈનએક્ટિવેટેડ રસી છે, એટલે કે આ રસીમાં માર્યા ગયેલા વાયરસનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેથી જ્યારે ડોઝ આપવામાં આવે ત્યારે કોરોના સામે લડવા માટે શરીરમાં એન્ટિબોડીઝ ઉત્પન્ન થઈ શકે.




● અનુસંધાન પાન-૭ પર

# કોઈ જ વેક્સિન ૫૦ ટકા પણ અસરકારક નથી : WHO

### આંતરરાષ્ટ્રીય સંસ્થાએ એમ પણ કહ્યું કે અમને અપેક્ષા નથી કે ૨૦૨૧ સુધીમાં પણ વિશ્વના તમામ લોકોને રસી મળી શકશે

નવી દિલ્હી, તા.૬

વિશ્વના ઘણા દેશોમાં કોરોના વાયરસની રસી વેક્સીનને લઈને ટ્રાયલ અંતિમ તબક્કામાં છે. તો, રશિયાએ પણ વિશ્વની પ્રથમ કોરોના રસી સ્પુટનિક વી બનાવવાનો દાવો કર્યો છે. દરમિયાન, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોના રસી વિશે કડક ચેતવણી આપવામાં આવી છે. ડબ્લ્યુએચઓએ જણાવ્યું છે કે અમારા માપદંડ મુજબ, ક્લિનિકલ ટ્રાયલ્સના એડવાન્સ સ્ટેજમાં પહોંચેલી કોઈ પણ રસી કોરોના વાયરસ સામે ૫૦% અસરકારક નથી. એટલું જ નહીં, આ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ એમ પણ કહ્યું કે અમને અપેક્ષા નથી હોતી કે આવતા વર્ષે એટલે કે ૨૦૨૧ સુધીમાં વિશ્વના તમામ લોકોને રસી મળશે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રવક્તા માર્ગારેટ હેરિસે જિનીવામાં જણાવ્યું હતું કે, વિશ્વભરમાં ઘણી કોરોના વાયરસ એડવાન્સ ક્લિનિકલ સ્ટેજમાં છે. જો કે, કોઈપણ રસી સંપૂર્ણપણે અસરકારક હોવાનું કહી શકાય નહીં. તેમણે કહ્યું કે અમે આવતા વર્ષના મધ્ય સુધી વ્યાપક રસીકરણની અપેક્ષા રાખી રહ્યા નથી. માર્ગારેટે વધુમાં કહ્યું કે, ફેઝ ૩ના ટ્રાયલમાં વધુ સમય લાગ્યો છે કારણ કે અમે તે જોવા માંગીએ છીએ કે તે રસી કોરોના સામે કેટલી સુરક્ષા પૂરી પાડે છે અને તેની કોઈ આડઅસર નથી ને. અગાઉ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ઈમરજન્સી બાબતોના વડા ડો. માઈકલ રેયાને કહ્યું હતું કે, આપણે હર્ડ ઈમ્યુનિટી મેળવવાની આશામાં ન રહેવું જોઈએ. તેમણે કહ્યું કે વૈશ્વિક વસ્તીના રુપમાં આપણે હજુ એ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૭૧૧૩૧૦૭ | ૮૮૪૫૧૮ | ૧૯૨૨૯૮૫૭ |
| ભારત | ૪૧૯૬૧૩૧ | ૭૧૭૩૯ | ૩૨૪૦૯૭૭ |
| ગુજરાત | ૧૦૪૩૪૧ | ૩૧૦૮ | ૮૪૮૫૮ |
| ગાંધીનગર | ૨૬૫૩ | ૧૪૧ | ૨૧૬૬ |

# દેશમાં બે કરોડ ફરીથી ગરીબ બની શકે

### મોટાભાગના નિષ્ણાતો આ નુકસાન માટે કોરોના વાયરસ બાદ થયેલા લોકડાઉનને જવાબદાર હાલ ગણાવી રહ્યા

નવી દિલ્હી,તા.૬

કોરોના વાયરસની મહામારીએ કરોડો ભારતીયોના સપનાને વેરવિખેર કરી નાખ્યા છે. ભારતની અર્થવ્યવસ્થા જે ઝડપથી વિકસી રહી હતી તે બિલકુલ અટકી ગઈ છે. લાખો લોકો ગરીબીમાંથી બહાર આવી રહ્યા હતા. મેગાસિટી ઊભા થઈ રહ્યા હતા, ભારતની તાકાત વધી રહી હતી અને એક આર્થિક મહાસત્તા બનવા તરફ અગ્રેસર હતો. પરંતુ દેશભરમાં જે આર્થિક સ્થિતિ સર્જાઈ છે તેના કારણે ચિંતા અનેકગણી વધી ગઈ છે. ભારતની અર્થવ્યવસ્થા અન્ય દેશ કરતા ઝડપથી તૂટી રહી છે. ન્યુયોર્ક ટાઈમ્સમાં પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલમાં અનુસાર અંદાજિત ૨ કરોડ જેટલા લોકો ફરીથી ગરીબીમાં જઈ શકે છે. મોટાભાગના નિષ્ણાતો આ નુકસાન માટે લોકડાઉનને જવાબદાર ગણાવી રહ્યા છે. દેશની અર્થવ્યવસ્થાની સ્થિતિ શું છે તેને તમે સુરતની ટેક્સટાઈલ મિલોમાં જોઈ શકો છો. જે મીલોને ઉભી કરવામાં પેઢીઓ લાગી ગઈ હતી ત્યાં હવે ઉત્પાદન પહેલાની સરખામણીએ ૧/૧૦ જેટલું રહી ગયું છે. ભારત સાડીઓને ફિનિશિંગ ટચ આપવાનું કામ કરતા અહીંના હજારો પરિવારોના લટકતા ચહેરાઓમાં ભારતની સાચી દશા જોવા મળશે. પરંતુ હવે આ લોકો શાકભાજી અને દૂધ વેચવા મજબૂર છે. મોબાઈલ ફોનની દુકાન હોય કે અન્ય કોઈ સ્ટોર એક સન્નાટો પસરાયેલ છે. છેલ્લા ક્વાર્ટરમાં ભારતનું અર્થતંત્ર ૨૪% ઘટ્યું હતું જ્યારે ચીન ફરીથી વિકાસ કરી રહ્યું છે. અર્થશાસ્ત્રીઓ તો એમ પણ કહે છે કે ભારત વિશ્વની પાંચમી સૌથી

● અનુસંધાન પાન-૭ પર


## છેલ્લે... છેલ્લે...

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર ગવર્નર કોન્ફરન્સ : આજે રાષ્ટ્રપતિ-વડાપ્રધાન સંબોધન કરશે
- નિકોબાર-આઈલેન્ડમાં ૪.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકા
- ફરી સ્કૂલ શરૂ કરવા રાહ જોવી પડશે : ડો ગુલેરિયા
- કેન્દ્રીય મંત્રી ડો. હર્ષવર્ધનની માતાનું નિધન
- ચીને સ્પેસક્રાફ્ટને સ્પેસમાં મોકલી પાછુ જમીન પર લેન્ડ કરાવી ઈતિહાસ રચ્યો
- ફિલ્મ અભિનેતા અર્જુન કપૂરને કોરોના થયા બાદ હૉમ ક્વોરોન્ટાઈન

# કોરોના વચ્ચે IPLનો કાર્યક્રમ જાહેર

નવી દિલ્હી

કોરોના વાયરસના ખતરા વચ્ચે આખરે હવે આઈપીએલ-૨૦૨૦ની ૧૩મી સિઝનનું આયોજન થવા જઈ રહ્યું છે. યુએઈમાં ૧૯ સપ્ટેમ્બરથી ૧૦ નવેમ્બર વચ્ચે આઈપીએલનું આયોજન કરવામાં આવશે. લીગનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. ઉદ્‌ઘાટન મુકાબલો આઈપીએલની બે સૌથી સફળ ટીમ રોહિત શર્મા આગેવાનીમાં મુંબઈ ઈન્ડીયન્સ અને એમએસ ધોનીની ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમવામાં આવશે. આઈપીએલ-૧૩નું




### ૧૯મીએ મુંબઈ અને સીએસકે વચ્ચે પ્રથમ મેચ

આયોજન માર્ચમાં થવાનું હતું, પરંતુ કોરોના વાયરસના કારણે તેને અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવી હતી, પરંતુ પહેલા એશિયા કપ અને પછી ટી-૨૦ વર્લ્ડ કપ આગામી વર્ષ સુધી ટળવાના કારણે બીસીસીઆઈને આ આયોજન માટે વિંડો મળી ગઈ અને બીસીસીઆઈએ પણ આ મોકાનો પુરો ફાયદો ઉઠાવી યુએઈમાં તેનું આયોજન કરવાનો નિર્ણય લીધો. આ વખતે સીઝન લીગની પુરી સિઝન ૫૩ દિવસ ચાલશે. જેમાં કુલ ૧૦ ડબલ હેડર્સ રમવામાં આવશે. દુનિયાની સૌથી મોટી ટી-૨૦ ક્રિકેટ લીગમાંથી એક આઈપીએલનું આયોજન યુએઈમાં ત્રણ જગ્યા પર, જેમાં અબુ ધાબી, દુબઈ અને શારજાહમાં રમવામાં આવશે.ભારતીય સમય અનુસાર, મુકાબલા બપોરે સાડા ત્રણ કલાકે શરૂ થશે અને સાંજે મુકાબલો સાડા સાત કલાકે શરૂ થશે. સાંજના મુકાબલાને અડધો કલાક વહેલો શરૂ કરવામાં આવશે.

# રિયા ચક્રવર્તીને એનસીબી ટીમ દ્વારા સમન્સ : ગમે ત્યારે ધરપકડ થઈ શકે

મુંબઈ,તા.૬

સુશાંત સિંહ રાજપૂત કેસમાં ડ્રગ્સ એન્ગલનો મામલો સામે આવ્યા બાદ રિયા ચક્રવર્તીની મુશ્કેલીઓ વધતી દેખાઈ રહી છે. શુક્રવારે નોર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ રિયાના ભાઈ શૌવિક ચક્રવર્તી અને સુશાંતના હાઉસ મેનેજર સેમ્યુઅલ મિરાંડાની ધરપકડ કરી હતી. શનિવારે આ બંને બાદ એનસીબીએ સુશાંતના સ્ટાફ દીપેશ સાવંતને પણ કસ્ટડીમાં લીધો. ત્યારે હવે રિયા ચક્રવર્તીને પણ પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યું છે. એનસીબીના જોઈન્ટ ડાયેક્ટર સમીર વાનખેડેએ જણાવ્યું કે, રિયા ચક્રવર્તી પોતાના ઘર પર જ ઉપસ્થિત છે અને પૂછપરછ માટે તેને સમન્સ પાઠવાયું છે. એનસીસીએ રિયા પાસે તપાસમાં સહયોગ આપવા કહ્યું છે. રિયાને સમન્સ પાઠવ્યા

### એનસીબીના ડેપ્યુટી ડાયરેક્ટરે કહ્યું કે સાવંતની ડ્રગ્સની ખરીદી અને હેન્ડલિંગમાં તેની ભૂમિકા માટે ધરપકડ કરાઈ

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાનની સેના દ્વારા સરહદે બેફામ ફાયરિંગ

### એક ભારતીય જવાન શહીદ : શાહપુર, કિર્ની અને કુપવારામાં ફાયરિંગ, ભારતનો વળતો જવાબ

જમ્મુ, તા. ૬

જમ્મુ-કાશ્મીર સરહદે પાકિસ્તાની સેના દ્વારા રવિવારે બેફામ ગોળીબાર કરાયો હતો. ત્રણ સેક્ટરમાં પાકિસ્તાની સૈન્યે ફાયરિંગ કર્યું હતું જેમાં કુપવાહામાં થયેલા ફાયરિંગમાં એક જવાને શહીદી વહોરી હતી. બે જવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

દરમિયાન કુપવાહા જિલ્લામાં જ આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે ઘર્ષણ થયું હતું. પાકિસ્તાનના લશ્કરે એલઓસીના ત્રણ સેક્ટરમાં બેફામ ગોળીબાર કર્યો હતો. શાહપુર, કિર્ની અને કુપવાહામાં પાક. લશ્કરે ફાયરિંગ કર્યું હતું, ભારતે પણ વળતો જવાબ આપ્યો હતો.

# કોંગી નેતાગીરીના મામલે વધુ એક લેટર બોમ્બથી ગરમાવો

### પાર્ટીમાં પરિવારનો મોહ છોડીને કામ કરવું જોઈએ તેવી ઉત્તરપ્રદેશના નવ તગેડી મુકાયેલા કોંગી નેતાઓની સલાહ

નવી દિલ્હી, તા. ૬

કોંગ્રેસમાં ટોચની નેતાગીરી મામલે આંતરિક ઘમાસાણ બંધ થવાનું નામ લેતું નથી.પાર્ટીમાં વધુ એક લેટર બોમ્બ ફૂટ્યા બાદ રાજકીય ગરમાવો આવી ગયો છે. ગયા વર્ષે પાર્ટીમાંથી હાંકી કઢાયેલા ઉત્તરપ્રદેશના નવ પૂર્વ કોંગ્રેસી નેતાઓએ સોનિયા ગાંધીને એક પત્ર લખ્યો છે. જેમાં તેમણે કહ્યુ છે કે, સોનિયા ગાંધીએ પાર્ટીને ઈતિહાસ બનતી અટકાવવી જોઈએ અને પરિવારના મોહને છોડીને પાર્ટી માટે કામ કરવું જોઈએ. આ નવ પૂર્વ કોંગ્રેસી નેતાઓએ યુપીમાં કોંગ્રેસના પ્રભારી અને મહાસચિવ પ્રિયંકા ગાંધી પર આડકતરું નિશાન સાધ્યું છે. હાંકી કઢાયેલા આ નેતાઓએ લખ્યું છે કે પાર્ટીમાં પરિવારના મોહથી ઉપર ઉઠીને લોકતાંત્રિક પરંપરાઓ સ્થાપવાની જરૂર છે.અમે તમને મળવા માટે એક

● અનુસંધાન પાન-૭ પર

